ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૪૧૩-૪૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૧/૧૨/૨૦૧૮
૧૪/૧૨/૨૦૧૮

પ્રતિ,
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ**
ગુજરાત રાજ્ય.

વિષય:- ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષય માળખા બાબત.
સંદર્ભ:- ૧) શિક્ષણ વિભાગનો પત્રક્રમાંક:-મશબ/૧૨૧૫/૯૫૮/છ, તા.૧૭/૧૦/૨૦૧૮.
૨) ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડની તા.૨૯/૧૧/૨૦૧૮ની શૈક્ષણિક સમિતિની બેઠકનો ઠરાવ ક્રમાંક:-૯૮/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ-૧ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં ધોરણ-૧૧ અને ૧૨માં વિષય માળખામાં જૂથ-૪માં તત્વજ્ઞાન અને એસ.પી.સી.સી. (વાણિજ્ય પત્રવ્યવહાર અને સેક્રેટરીયલ પ્રેક્ટીસ) વિષયો ઉમેરવા માટે સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૨૯/૧૧/૨૦૧૮ની શૈક્ષણિક સમિતિની બેઠકમાં ઠરાવ ક્રમાંક:-૯૮/૨૦૧૮ થી કરવામાં આવેલ નિર્ણય અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં જૂન-૨૦૧૯થી ધોરણ-૧૧માં અને ક્રમશઃ જૂન-૨૦૨૦થી ધોરણ-૧૨માં વિષય માળખામાં જૂથ-૪માં તત્વજ્ઞાન અને એસ.પી.સી.સી. (વાણિજ્ય પત્રવ્યવહાર અને સેક્રેટરીયલ પ્રેક્ટીસ) વિષયોનો ઉમેરો કરવામાં આવે છે. આ અંગેની જાણ આપના તાબાની તમામ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહની શાળાઓને કરશો.

ક્રમાંક/મા.પ્ર-૭/૨૦૧૯/૨૨૬૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૭-૧-૨૦૧૯

નકલ રવાના જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર. વતી

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉ.મા. ઉ.બુ. શાળાઓ